# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-05-2026** **EVENING: 7.10 TO 7.20 PM**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

*****************************************************

1) **જાહેર રસ્તાઓ પર દબાણ કરતા અસામાજિક તત્વો સામે કડકાઈથી કાર્યવાહી કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પોલીસને સૂચના.**
2) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં તેમના વિચાર રજૂ કરશે.**
3) **આગામી સમયમાં દરેક તાલુકામથકે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો માટેના વિશેષ બજાર શરૂ કરાશે.**
4) **ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં આગામી પાંચ દિવસ કમોસમી વરસાદની આગાહી.**
5) **રાજ્યના ખેલાડી રાહુલ જાખરે આંતર-રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો.**

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SWAGAT PROG CM PATEL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર રસ્તાઓ પર દબાણ કરતા અસામાજિક તત્વો સામે કડકાઈથી કાર્યવાહી કરીને ખેડૂતોને સલામતીનો અહેસાસ કરાવવા પોલીસને સૂચના આપી. મે મહિનાના રાજ્યકક્ષાના સ્વાગત ઑનલાઈન એટલે કે, ટૅક્નોલૉજીના ઉપયોગ દ્વારા ફરિયાદ પર રાજ્યવ્યાપી ધ્યાન કાર્યક્રમ અંતર્ગત આવતી રજૂઆતોનું સમયમર્યાદામાં નિરાકરણ લાવવા પણ મુખ્યમંત્રીએ જિલ્લા તંત્રને સ્પષ્ટ દિશાનિર્દેશ આપ્યા છે.

સાથે જ રાજ્ય, જિલ્લા અને તાલુકા સ્વાગતમાં કુલ ચાર હજાર 20 અરજદારોની રજૂઆતો સંબંધિત વિભાગોને જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવી હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે, દર મહિનાના ચોથા ગુરુવારે યોજાતો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આ વખતે ગુરુવારે જાહેર રજાના કારણે આજે યોજાયો.

# MORBI TILES BHAVVADHARO

મોરબી સિરામિક સંગઠન દ્વારા જીવીટી એટલે કે, મજબૂત પ્રકારની ટાઈલ્સના ભાવના પ્રતિફૂટનો પાંચ રૂપિયાનો વધારો કરાયો. આ વધારો પહેલી જૂનથી અમલમાં આવશે. પશ્ચિમ એશિયા સંઘર્ષની અસરના કારણે સિરામિકના ઉત્પાદન ખર્ચમાં 40થી 50 ટકાનો વધારો થતાં આ ભાવવધારો કરાયો હોવાનું મોરબી સિરામિક સંગઠનના પ્રમુખ મનોજ એરવાડિયાએ જણાવ્યું.

**(BYTE: MANOJ ERVADIYA, PRESIDENT, CERAMIC ASSOSIATION)**

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશવિદેશના લોકો સમક્ષ તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 134મી કડી હશે. હિન્દીમાં “મન કી બાત” ના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન **AIR** મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. તેમજ આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય - **PMO** તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલ પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# DWARKA TEMPLE TIME

દેવભૂમિદ્વારકાના સુપ્રસિદ્ધ દ્વારકાધીશ મંદિરમાં આવતીકાલે પૂનમ નિમિત્તે મંગળા આરતીના સમયમાં ફેરફાર કરાયો. ભક્તોના ધસારાને ધ્યાને રાખી મંદિર વહીવટી તંત્ર દ્વારા આ નિર્ણય કરાયો હોવાનું મંદિરના વહીવટદાર હિમાંશુ ચૌહાણે જણાવ્યું.

**(BYTE: HIMANSHU CHAUHAN, VAHIVATDAR, DWARKADHISH TEMPLE)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

**DESK**

# HINDI JOURNALISM DAY

આજે 30 મે-એ હિન્દી પત્રકારત્વ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસે 30 મે 1826ના રોજ પ્રકાશિત થયેલા હિન્દી ભાષાના પહેલા સમાચારપત્ર "ઉદન્ત માર્તંડ"ને યાદ કરાય છે. પંડિત જુગલ કિશોર શુક્લ દ્વારા કલકત્તાથી શરૂ કરાયેલા આ સાપ્તાહિક સમાચારપત્ર-એ હિન્દી ભાષાને નવી દિશા આપી હતી. આજે હિન્દી પત્રકારત્વની 200 વર્ષની ગૌરવશાળી યાત્રા પૂર્ણ થઈ રહી છે, જે સત્ય, અભિવ્યક્તિ અને લોક જાગૃતિની શક્તિનું પ્રતિક છે.

# RAJYAPAL AMDAVAD PROG

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પત્રકારત્વને ભારતને ગતિમાન રાખનારું મુખ્યસ્તંભ ગણાવ્યું. ગાંધીનગરમાં ટાઉનહૉલ ખાતે એક અખબારના વિશેષ કાર્યક્રમને સંબોધતા રાજ્યપાલશ્રીએ લોકોને પ્રાકૃતિક ખેતી અપનાવવા પર ભાર આપ્યો. તેમણે કહ્યું, રાજ્યમાં આઠ લાખ 50 હજારથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. રાજ્યપાલશ્રીએ વૈજ્ઞાનિક અને પર્યાવરણીય સમસ્યાઓ સામે પ્રાકૃતિક ખેતીને એકમાત્ર રામબાણ ઈલાજ પણ ગણાવી.

આગામી સમયમાં ગ્રાહકોને શુદ્ધ આહાર મળે તે માટે દરેક તાલુકામથકે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો માટેના વિશેષ બજાર શરૂ કરાશે તેમ પણ રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું.

# WEATHER FORECAST

રાજ્યના વિવિધ વિસ્તારમાં આગામી પાંચ દિવસ વરસાદી માહોલ યથાવત્ રહેવાની સંભાવના છે. આ સમયગાળામાં ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ થઈ શકે છે. માછીમારોને પણ પાંચ દિવસ દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST, IMD AHMEDABAD)

# DISTRICT-TOBACCO

વિશ્વ તમાકુ નિષેધ દિવસ અંતર્ગત વિવિધ જિલ્લાઓમાં જાગૃતિ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. તે અંતર્ગત યુવાનોને વ્યસનમુક્તિ અંગે જાગૃત કરાયા.

અમદાવાદ ગ્રામ્ય આરોગ્ય વિભાગ દ્વારા તમાકુ સેવનથી થતા નુકશાન અંગે જનજાગૃતિ અભિયાન યોજાયું.

જ્યારે ગીર સોમનાથમાં આરોગ્ય શાખાના જીલ્લા તમાકુ નિયંત્રણ એકમ દ્વારા જીલ્લા કક્ષાના તમાકુ નિષેધ દિવસની ઉજવણી સુત્રાપાડા ખાતે કરવામાં આવી. તો સાબરકાંઠામાં પણ વ્યાપક વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજાયા.

આ અંગે તબીબ ડૉક્ટર દિવ્યેશ ગોસ્વામીએ વધુ માહિતી આપી.

BYTE : DIVYESH GOSWAMI

# NADIAD PLAYER MEDAL

રાજ્યના ખેલાડી રાહુલ જાખરે આંતર–રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો. ગુજરાત રમતગમત સત્તામંડળની યાદી મુજબ, નડીયાદમાં રમતગમત અકાદમીમાં તાલીમ લઈ રહેલા રાહુલ જાખરે તાજેતરમાં હૉન્ગકૉન્ગ ચીનમાં 22-મી એશિયન જુનિયર ઍથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં આ સિદ્ધિ મેળવી. ડેકાથ્લૉનમાં 20 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં સાત હજાર 185 પૉઈન્ટના પ્રદર્શન સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

હાલમાં તેઓ ઍશિયન 20 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં અગ્રીમ અને વિશ્વ ક્રમાંકમાં ટોચના આઠમા ક્રમાંક પર છે.

# RRU PARA CHAMPIONSHIP

ગાંધીનગરની રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે ચોથી આર્મરેસલિંગ અને પેરા આર્મરેસલિંગ સ્પર્ધાનો પ્રારંભ થયો. આગામી ચાર દિવસ સુધી યોજાનારી સ્પર્ધામાં દેશના 27 જેટલા રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના અંદાજે બે હજારથી વધુ ખેલાડી ભાગ લઈ રહ્યા છે.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીનાં કુલપતિ ડૉ. બિમલ એન. પટેલે વર્ચ્યૂઅલ માધ્યમથી ખેલાડીઓને અભિનંદન આપ્યા. તેમણે આ સ્પર્ધા રમતગમત સાંસ્કૃતિક વારસાને વધુ મજબૂત બનાવવાની સાથે શિસ્ત, સ્વાસ્થ્ય તથા શ્રેષ્ઠતા દ્વારા મૂલ્યોને પુનર્જીવિત કરવાના સંકલ્પને સાકાર કરવામાં મહત્વની સાબિત થશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો.

# AMDAVAD GOVT SCHOOL

અમદાવાદના દેત્રોજ તાલુકામાં બે સરકારી માધ્યમિક શાળા અને ધોલેરામાં એક નવી ઉચ્ચતર માધ્યમિક સરકારી શાળા શરૂ કરાશે. સત્તાવાર યાદી મુજબ, શાળામાં 100 ટકા નામાંકન અને એક પણ બાળક શાળા ન છોડે એટલે કે, ઝીરો ડ્રોપઆઉટના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવાના અભિયાનના ભાગરૂપે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આ મંજૂરી અપાઈ છે.

# ASARVA BHAWANI VAV

અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલી ઐતિહાસિક માતર ભવાની વાવના પુનઃસ્થાપન કામગીરીનો પ્રારંભ કરાયો. શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શના વાઘેલાની ઉપસ્થિતિમાં આજે આ કામગીરીનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો. દરમિયાન સુશ્રી વાઘેલાએ ભારતીય પુરાતત્વ વિભાગને વાવના સંરક્ષણ અને જરૂરી સમારકામની કામગીરી હાથ ધરવા સૂચના આપી. ભારતીય પુરાતત્વ વિભાગ – A.S.I. દ્વારા આ વાવના સંરક્ષણ અને જીર્ણોદ્ધાર માટે 50 લાખ રૂપિયા ખર્ચ કરાશે.

# VERAVAL RAJKOT TRAIN

વેરાવળ–રાજકોટ લોકલ ટ્રેનમાં આગામી બે જૂનથી તાત્કાલિક ધોરણે બે વધારાના જનરલ કોચ લગાવાશે. યાત્રીઓની સુવિધા તથા મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ વેરાવળ-રાજકોટ અને રાજકોટ-વેરાવળ લોકલ ટ્રેનોમાં વધારાના જનરલ કોચ લગાવવાનો નિર્ણય કર્યો હોવાનું ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલકુમાર ત્રિપાઠીએ જણાવ્યું.